# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1) ભારત-પાકિસ્તાન સંઘર્ષને પગલે ગૃહમંત્રી અમિત શાહે બીએએસએફ અને સીઆઇએસએફના ડીજી સાથે મુલાકાત કરી
2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સેનાની ત્રણેય પાંખના વડાઓ સાથે બેઠક યોજી
3) સીમા સુરક્ષા દળ - BSFએ જમ્મુ- કાશ્મીરના સામ્બામાં સાત આતંકવાદીઓને ઠાર કરીને ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો
4) આજે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળની બેઠકમાં 1.3 અબજ ડોલરની લોન લેવાની પાકિસ્તાનની માંગણીનો ભારત વિરોધ કરશે
5) ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે સલામતીના કારણોસર આઇપીએલ રદ કરાઈ

.......................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INDIA PAK TENSION MEETING

પાકિસ્તાને ગઈરાત્રે જમ્મુ, પંજાબ અને રાજસ્થાન સરહદે સૈન્ય મથકો પર હુમલાનાં પ્રયાસને ભારતે નિષ્ફળ બનાવ્યો છે. સશસ્ત્ર દળોએ જણાવ્યું, આ હુમલાઓમાં ભારતને કોઈ નુકસાન થયું નથી. પંજાબમાં પઠાણકોટ, જલંધર, અમૃતસર અને બઠિન્ડામાં કેટલાક વ્યૂહાત્મક સ્થળ પર હુમલો કરવાનાં પ્રયાસને સશસ્ત્ર દળોએ નિષ્ફળ બનાવ્યો હતો.

આજે સવારે ચંદીગઢમાં હુમલાની આશંકાને પગલે લોકોને ઘરની બહાર ન નિકળવાની સલાહ આપવામાં આવી. ભારત-પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ વચ્ચે આજે સવારથી નવી દિલ્હીમાં બેઠકોનો દોર ચાલુ છે. દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કેન્દ્રીય ગૃહ સચિવ, BSF અને CISFના DG તેમજ IBના નિદેશક સાથે બેઠક યોજી.

તો સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે સેનાની ત્રણેય પાંખના વડાઓ તથા ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણ સાથે બેઠક યોજીને પરિસ્થિતિની સમીક્ષા કરી. દરમિયાન, ભારતે પુનરોચ્ચાર કર્યો છે કે, તેનો ઈરાદો વર્તમાન સંઘર્ષને આગળ વધારવાનો નથી. પાકિસ્તાનમાં માત્ર આતંકવાદી માળખાને જ નિશાન બનાવાયુ છે. પહલગામ આતંકવાદી હુમલા દ્વારા પાકિસ્તાને આક્રમણ કર્યું છે અને ભારત માત્ર તેનો જવાબ આપી રહ્યું છે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટૅલિફોનિક વાતચીત કરી. શ્રી પટેલે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું કે, શ્રી મોદીએ પાકિસ્તાનની સરહદ સાથે જોડાયેલા કચ્છ, બનાસકાંઠા, પાટણ, જામનગર જેવા સંવેદનશીલ જિલ્લાઓમાં નાગરિકોની

**સુરક્ષા સલામતીના રાજ્ય સરકાર દ્વારા લેવાયેલાં પૂરતાં પગલાઓ અંગેની પણ વિગતો મેળવી હતી.**

---------------------------------------------------------

# 7 TERRORIST DEAD

સરહદ સુરક્ષા દળ-BSFના જવાનોએ જમ્મુ અને કાશ્મીરના સામ્બા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર સાત આતંકવાદીઓને ઠાર કરીને ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે.

બીએસએફના સૂત્રોએ જણાવ્યું પાકિસ્તાની રેન્જર્સની મદદ સાથે ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓના જૂથે સામ્બા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદની ભારતીય બાજુએ ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. સૂત્રોનાં જણાવ્યા મુજબ ઓપરેશન હજુ ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# Pakistan's disinformation campaign

પાકિસ્તાની દળો દ્વારા ભારત પર હૂમલા અંગે સોશિયલ મિડિયા પર રજૂ કરવામાં આવતા કેટલાંક વિડીયોને પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો-પીઆઇબીએ રદિયો આપ્યો છે. ગુજરાતમાં હઝીરા બંદર પર હૂમલો અને

પંજાબના જલંધરમાં ડ્રોનથી હૂમલો થયો હોવાનાં વિડીયો ખોટા છે. પીઆઇબીએ X પર તેનાં ફેક્ટ ચેક હેન્ડલ પર જણાવ્યું છે કે, ઓઇલ ટેન્કર વિસ્ફોટવાળો વિડીયો 7 જુલાઇ 2021નો છે, જેને પાકિસ્તાન દ્વારા ભારત પર હૂમલા સાથે પાકિસ્તાનનાં દુષ્પ્રચાર અંગે અમારા સંવાદદાતાએ વધુ માહિતી આપી.

(વોઈસ કાસ્ટ – સકલેન અખ્તર)

પીઆઇબીએ નાગરિકોને વિડીયો કે પોસ્ટ ઓનલાઇન શેર કરતા પહેલાં સાવચેતી રાખવા અને અધિકૃત સ્રોત દ્વારા ચકાસવા અનુરોધ કર્યો છે.

પીઆઇબીના પ્રવક્તાએ જણાવ્યું છે કે, રાષ્ટ્રીય સલામતી ઉચ્ચ સ્તરે છે, ત્યારે દુષ્પ્રચાર લોકો બિનજરૂરી ગભરાટ અને ગૂંચવાડો સર્જી શકે છે.

. . . . . . . . . . . . . . . .

# JAMMU SPECIAL TRAIN

પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ જમ્મુ અને ઉધમપુરથી નવી દિલ્હી તરફ વિશેષ ટ્રેનો દોડાવવાની યોજના બનાવી છે. 20 કોચની વંદે ભારત ટ્રેન ઉધમપુરથી જમ્મુ અને પઠાણકોટ થઈને બપોરે 1 વાગ્યે નિર્ધારિત હતી.

સાંજે 7 વાગ્યે જમ્મુથી બીજી એક સંપૂર્ણ આરક્ષિત વિશેષ ટ્રેનનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . . .

## DELHI AIRPORT ADVISORY

આજે દિલ્હી હવાઇમથકની કામગીરી સામાન્ય રહેશે. જો કે, હવાઈ પરિસ્થિતિઓ અને સુરક્ષા પગલાંને કારણે કેટલીક ઉડાનના સમયપત્રક બદલાઇ શકે છે તેવી દિલ્હી હવાઇમથક સત્તામંડળે આજે માર્ગદર્શિકા જાહેર કરી જણાવ્યું. મુસાફરોને એરલાઇન સ્ટાફને સહકાર આપવાની સલાહ આપી છે. તેમજ માહિતી માટે સત્તાવાર સ્રોતો પર આધાર રાખવા પણ અપીલ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . .

# PAK LOAN

વર્તમાન સ્થિતિમાં પાકિસ્તાન સરકારે ભારે નુકસાન પછી આંતરરાષ્ટ્રીય ભાગીદારોને વધુ લોન માટે અપીલ કરી છે. આજે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળની એક્ઝિક્યુટિવ બોર્ડ મિટિંગમાં 1.3 અબજ ડોલરની લોન લેવાની પાકિસ્તાનની માંગણીનો ભારત વિરોધ કરશે.

પાકિસ્તાન સરકારના આર્થિક બાબતોના વિભાગે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે યુદ્ધની સર્જાયેલી સ્થિતિ અને શેરોમાં ઘટાડા વચ્ચે તેણે આંતરરાષ્ટ્રીય ભાગીદારોને તણાવ ઘટાડવામાં આર્થિક મદદ કરવા વિનંતી કરી છે.

. . . . . . . . . . . . . . . . .

# IOCL-FUEL ADVISORY

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે જણાવ્યું છે કે દેશભરમાં પૂરતા પ્રમાણમાં ઇંધણનો સ્ટોક છે અને માંગ આધારિત પુરવઠો સરળતાથી પહોંચાડાઇ રહ્યો છે. IOCL એ નાગરિકોને ગભરાટમાં ખરીદી કરવા માટે ધસારો ટાળવા વિનંતી કરી છે આઇઓસીએલે જણાવ્યું ઇંધણ અને LPG તેના તમામ આઉટલેટ્સ પર સરળતાથી ઉપલબ્ધ છે.

. . . . . . . . . . . . . . . . .

# IPL CANCELED

આઇપીએલને સ્થગિત કરવાનો નિર્ણય કરાયો છે.. ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે આઇપીએલ રદ કરવામાં આવી છે. સલામતીના કારણોસર આ નિર્ણય કરાયો હોવાનું બીસીસીઆઇએ જાહેર કર્યું છે. પ્રાથમિક અહેવાલ અનુસાર હવે જે બાકી રહેલી મેચ સ્થિતિ સામાન્ય થયા બાદ રમાડવામાં આવશે

. . . . . . . . . . . . . . . . .

# STOCK MARKET

ભારત-પાકિસ્તાન વચ્ચે વધેલી તંગદિલીને પગલે સ્થાનિક શેરબજારના સૂચકાંક આજે નોંધપાત્ર ઘટાડા સાથે ખુલ્યા. છેલ્લા અહેવાલ પ્રમાણે બીએસઇ સેન્સેક્સ  અંદાજે 834 પોઇન્ટ અને એનએસઇ નિફ્ટી અંદાજે 259 પોઇન્ટ સાથે કામકાજ કરી રહ્યા છે.

મિડકેપ અને સ્મોલ કેપમાં પણ ઘટાડો નોંધાયો છે.

ટ્રેડ ટેરિફ અંગેનાં સકારાત્મક સમાચારોને પગલે અમેરિકન બજારો વધારા સાથે બંધ રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . .

# INDIA- CHILE

ભારત અને ચિલીએ  દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં પ્રગતિ માટે આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા.ભારતમાં ચિલીના રાજદૂત જુઆન એંગુલો અને વાણિજ્ય વિભાગના સંયુક્ત સચિવ વિમલ આનંદ દ્વારા કરાર પર હસ્તાક્ષર કરાયા. વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા તેમના સહિયારા દ્રષ્ટિકોણનો પુનરોચ્ચાર કર્યો છે અને આ મહિનાની 26 થી 30 તારીખ સુધી નવી દિલ્હીમાં યોજાનારી પ્રથમ રાઉન્ડ દરમિયાન ફળદાયી ચર્ચા થશે.

. . . . . . . . . . . . . . . . .

# SL SPOKESMAN- TERRITORY

શ્રીલંકાના કેબિનેટ પ્રવક્તા મંત્રી ડૉ. નાલિન્દા જયતિસ્સાએ કહ્યું છે કે શ્રીલંકા કોઈને પણ તેના હવાઈ ક્ષેત્ર અથવા પ્રદેશનો ઉપયોગ બીજા રાષ્ટ્ર પર હુમલો કરવાની મંજૂરી આપશે નહીં. તેમણે ગઈકાલે સાપ્તાહિક કેબિનેટ બ્રીફિંગ દરમિયાન ભારત-પાકિસ્તાન તણાવ અંગે સરકારના વલણને સ્પષ્ટ કર્યું હતું.

મંત્રી જયતિસ્સાએ ઉમેર્યું હતું કે શ્રીલંકા હંમેશા આતંકવાદનો વિરોધ કરે છે અને પ્રાદેશિક શાંતિ ઇચ્છે છે.

મંત્રી નલિન્દા જયતિસ્સાએ ભાર મૂક્યો હતો કે શ્રીલંકા હિંદ મહાસાગરની ભૂ-રાજકીય મુદ્દાઓમાં સામેલ થશે નહીં અને ઉમેર્યું  કે સરકાર તેની 'નિરપેક્ષ' નીતિ યથાવત રાખશે.

ગયા મહિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શ્રીલંકાની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે જણાવ્યું હતું કે તેઓ ભારતની સુરક્ષા માટે ખતરારૂપ કોઈપણ પ્રવૃતિને પોતાના દેશની ધરતી પરથી થવા દેશે નહીં

. . . . . . . . . . . . . . . .